શ્રી વિધિપક્ષગચ્છીય જ્ઞાનમુગ્ધ: શ્રી કલ્યાણસાગરસૂરિ કૃત

# ભગવદ્ગીતા કિંવા ભક્તિસાહિત્યની સમીક્ષા

– પ્રા. હીરાલાલ ર. કાપડિયા M.A.

**ઉપક્રમ :** કેટલાક મહિનાઓ ઉપર શ્રી અચલગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી ગુણસાગરસૂરિજીના અંતેવાસી શ્રી કલાપ્રભસાગરજીએ મને દોઢેક વરસ ઉપર નિમ્નલિખિત શીર્ષકવાળું પુસ્તક મોકલાવ્યું હતું 'વિધિપક્ષગચ્છીય પંચ પ્રતિક્રમણ સૂત્રાણિ' (પ્રકાશક : સોમચંદ ધારશી શાહ)

ત્યાર બાદ તેમણે શ્રી અચલગચ્છીય દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી (આદિનો સ્તોત્રસંગ્રહ) નામનું પુસ્તક મોકલ્યું હતું. એમાં શ્રી કલ્યાણસાગરજીએ સૂરિ થયા તે બાદ તેમ જ તે પહેલાં રચેલી એવી ૨૧ સંસ્કૃત કૃતિઓને ગુજરાતી ભાવાનુવાદ સહિત પૃ. ૧–૧૨૨ માં સ્થાન અપાયું છે. પછી શ્રી ધર્મઘોષ-સૂરિએ ૧૬ સંસ્કૃત પદ્યોમાં રચેલું પાર્શ્વનાથ સ્તોત્ર ગુજરાતી અનુવાદ સહિત પૃ. ૧૨૩ ૧૬૦ માં અપાયેલ છે. એના પછી મલુકચંદ વીરચંદે રચેલી નવ સંસ્કૃત પદ્યોની કૃતિ પાર્શ્વનાથ સ્તવનાષ્ટક તરીકે નિર્દેશાયેલી છે. એ કૃતિ ગુજરાતી અનુવાદ સહિત પૃ. ૧૩૦–૧૩૨ માં રજૂ કરાઈ છે. પ્રારંભમાં ગુજરાતી ઉપોદ્ઘાત છે. એમાં પૃ. ૭ માં તુલાકૃષ્ણ ઝાએ સારી મહેનત લીધાનો ઉલ્લેખ છે. અને શરૂઆતમાં શ્રી કલ્યાણસાગરસૂરિજીએ દેવી સરસ્વતી અને શ્રી મહાકાલી દેવીની આરાધના કરી હતી એમ કહ્યું છે. ઉપોદ્ઘાત શ્રી કલ્યાણસાગરસૂરિની પ્રતિકૃતિ છે. આ પુસ્તક મોકલવાયું અને તેની સાથે સાથે સંસ્કૃત કૃતિઓની સમીક્ષાનું કાર્ય કરવા મુનિશ્રી કલાપ્રભસાગરજીએ મને પ્રેરણા કરી હતી. તદનુસાર મેં આ કાર્ય સમય, સાધન અને શક્તિ અનુસાર સમીક્ષા તૈયાર કરી એમને ૬૦ પાનાનું લખાણ તા. ૨૪–૧૨–૭૭ સુધીમાં મોકલાવ્યું છે

વિધિપક્ષ ગચ્છના શ્રી કલ્યાણસાગરસૂરિએ સંસ્કૃતમાં અને ગુજરાતીમાં વિવિધ કૃતિઓ રચી છે. સંસ્કૃતમાં તેમણે 'વ્યાકરણવિષયક મિશ્રલિંગ કોશ કિંવા લિંગાનુશાસન, પોતાના શિષ્ય વિનયસાગરને માટે રચ્યો છે અને એને સંસ્કૃત વિવરણથી વિભૂષિત કર્યો છે. એ સૂરિજીએ ચિત્રસ્તોત્રો પણ રચ્યાં છે. તે સંસ્કૃતમાં જ સંભવે છે; પરંતુ એની વિવિધ પ્રતિઓ લખાઈ હોવા છતાં તેમાંથી એક પણ અત્યાર સુધી તો મળી આવી નથી. એ ચિત્રસ્તોત્રોમાં જિનભક્તિ-સાહિત્ય કાવ્યબંધોથી અલંકૃત કરાયું હશે એમ એનું નામ જોતાં ભાસે છે. એ મહત્ત્વનું ભક્તિ–સાહિત્ય અનુપલબ્ધ છે એટલે અહીં તો ઉપલબ્ધ સાહિત્યનો જ હું સમય અને સાધન અનુસાર પરિચય આપું છું. આ ઉપલબ્ધ સાહિત્ય તરીકે વીસ સ્તવન–સ્તોત્રો તેમ જ 'ગુરુપાદાનીય પાર્શ્વનાથ પ્રભુની ૧૦૦૦ નામરાજિ' (નામાવલિ) મને મળ્યાં છે.

આ પુસ્તકો મુનિશ્રીએ મને મોકલાવ્યાં તે બદલ અને પ્રસ્તુત સમીક્ષાનું કાર્ય મને સોંપવા બદલ હું એમનો હાર્દિક આભાર માનું છું. બીજા પુસ્તકમાં ૨૩ કૃતિઓ ગુજરાતી અનુવાદપૂર્વક રજૂ કરાઈ છે. તેમાં પહેલી ૨૧ કૃતિઓ શ્રી કલ્યાણસાગસૂરિની રચેલી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગચ્છના નાયક સુપ્રસિદ્ધ દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી રચિત સંસ્કૃત ભાષામાં આવેલાં વિવિધ સ્તોત્ર–સ્તવનો તથા શ્રી પાર્શ્વપ્રભુનાં સહસ્રનામ તેમ જ અન્યનાં સ્તોત્રો તેના ગુજરાતી અર્થો સહિત શ્રી અચલગચ્છના જામનગરના સંઘે ઈ. સ. ૧૯૫૧ માં પ્રકાશિત કરેલાં છે.

પ્રકાશિત પુસ્તકમાં અનુક્રમણિકાના પૃ. ૪ માં તેમ જ ૧૨૩ પૃષ્ઠ પર શ્રી ધર્મઘોષસૂરિનો ઉલ્લેખ છે. કર્તાએ તો પોતાનું નામ 'ધર્મઘોષ' એટલું જ આપ્યું છે અને પોતાનો કશો પરિચય આપ્યો નથી. આથી એમને સૂરિ કહેવા માટેનું સબળ કારણ દર્શાવવું જોઈતું હતું, એટલું જ નહિ 'ધર્મઘોષ' નામના અન્ય મુનિવરો થયા છે. તેઓ પૈકી આ સૂરિજી કોણ છે તે સૂચવવાની પણ આવશ્યકતા હતી.

કર્તાએ પોતાનું નામ, ઉપરાંત ગચ્છ ઇત્યાદિ વિશે કશું કહ્યું નથી. તો તે પણ જણાવાયું હોત તો પુસ્તકનું ઐતિહાસિક મહત્ત્વ વિશેષ વધતે. બીજી બે કૃતિઓના પ્રણેતાના નામો અનુક્રમે ધર્મઘોષ અને મલુકચંદ્ર વીરચંદ્ર છે.

**ક્રમ :** ઉપર્યુક્ત ૨૧ કૃતિઓ જે ક્રમે રજૂ કરાઈ છે તે માટે કોઈ આધાર સૂચવાયો નથી. શું કોઈ હસ્તલિખિત પ્રતિમાં આજ ક્રમે ૨૧ કૃતિઓ લખાઈ હશે તેથી આ ક્રમ સ્વીકારાયો છે? 'અચલ-ગચ્છ દિગ્દર્શન' (પૃ. ૪૫૨–૪૫૩) માં ઉપર્યુક્ત પુસ્તકો પ્રમાણે જ 'પાર્શ્વનાથ સહસ્રનામ' અપર-નામ 'પાર્શ્વનામાવલિ' સિવાયની ૨૦ કૃતિઓનો ક્રમ છે. પૃ. ૪૫૩ માં નિમ્નલિખિત ઉલ્લેખ છે.

'કલ્યાણસાગરસૂરિએ અનેક તીર્થોની યાત્રા કરી તેની સ્તવનનારૂપે સ્તુતિઓ રચી હોઈને તેમના વિચારો ઉપરાંત (તેમનો, વિહારપ્રદેશ પણ સૂચવે છે.'

આ ઉલ્લેખ સર્વાંશે સમુચિત જણાતો નથી તેનું કેમ? એકવીસ કૃતિઓ કયા કયા સ્થળમાં રચાઈ તેની પૂરી વિગત મળતી નથી. પાર્શ્વનાથ સહસ્રનામ માટે 'અંચલગચ્છ દિગ્દર્શન' (પૃ. ૪૫૨)માં કહ્યું છે : 'સંવત ૧૬૯૬ માં ખેરવાના સ્યાલગોત્રી શ્રેષ્ઠી ઈશ્વરે કાઢેલા ગોડીજીના સંઘમાં આ સ્તુતિ કવિએ કરેલી.' આ વાત તો યથાર્થ જણાય છે. આ પરિસ્થિતિમાં હું અન્ય ક્રમ દર્શાવું છું. તીર્થંકરોના નામો અને સાથે સાથે કેટલીક કૃતિઓના તે તે કૃતિગત ઉલ્લેખ વિચારી શીર્ષકો રજૂ કરું છું.

એ ક્રમ ઋષભદેવાદિને લક્ષીને નીચે મુજબ છે. સૌથી પ્રથમ ઋષભદેવની, પછી સંભવનાથની, ત્યાર બાદ સુવિધિનાથની, ત્યાર બાદ શાંતિનાથની અને છેવટે મહાવીર સ્તવનની કૃતિઓ.

**રજૂઆત :** પહેલી માણિક્ય સ્વામીની (આદિનાથની) સ્તુતિ છે એમાં ૧૮ પદ્યો છે. તે કુલકરૂપ જણાય છે છતાં તે રીતે તે રજૂ થયાં નથી. બીજી પણ કેટલીક કૃતિઓને અંગે આ ક્ષતિ છે. જેટલાં પદ્યોનો પરસ્પર જે સંબંધ હોય તે એકસામટાં આપવાં જોઈએ. બે પદ્યો ભેગાં હોય તો તે યુગ્મ, ત્રણ હોય તો વિશેષક, ચાર હોય તો કલાપક અને એથી વધારે હોય તો કુલક કહેવાય છે. ૨૧ કૃતિઓમાં નીચે મુજબના ક્રમાંકવાળી કૃતિઓ કુલક રૂપ છે. યુગ્માદિ અંગે એક સંસ્કૃત પદ્ય છે તે હું અત્રે આપું છું.

**द्वाभ्या युग्ममिति प्रोक्तं त्रिभिः श्लोकैर्विशेषकम्**
**कलापकं चतुर्भि स्यात् तदूर्ध्वं कुलकं स्मृतम् ॥**

**વિષય:** એકવીશ કૃતિઓ પૈકી પહેલી આદિનાથ પ્રભુ (ઋષભદેવ) અંગેની છે. સંભવનાથને લગતી બે કૃતિઓ છે : બીજી અને ઓગણીસમી. સુવિધિનાથ પરત્વે એક જ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીજી કૃતિ છે. શાંતિનાથને ઉદ્દેશીને ચોથી અને પાંચમી એમ બે કૃતિઓ છે. પાર્શ્વનાથને લગતી ૧૩ મી અને ૨૧ મી કૃતિઓ છે જ્યારે અન્યાન્ય નામે નિર્દેશાયેલા પાર્શ્વનાથ અંગેની ૧૧ કૃતિઓ નીચે મુજબ છે :

| નામ | કૃતિ ક્રમાંક |
|---|---|
| શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ | ૬ |
| શ્રી કલિકુંડ પાર્શ્વનાથ | ૧૨ |
| શ્રી ગોડી (ગૌડિક) પાર્શ્વનાથ | ૭,૮,૧૨ |
| શ્રી દાદા પાર્શ્વનાથ | ૯ |
| શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ | ૨૦ |
| શ્રી મહુર પાર્શ્વનાથ | ૧૪ |
| શ્રી રાવણ પાર્શ્વનાથ | ૧૧ |
| શ્રી લોડણ પાર્શ્વનાથ | ૧૭ |
| શ્રી સેરીસ પાર્શ્વનાથ | ૧૮ |

શ્રી મહાવીર સ્વામી માટે એક ( ૧૬ મી ) અને શ્રી 'સત્યપુરીય' મહાવીર સ્વામી અંગે એક ( ૧૫ મી ) કૃતિ છે.

આ ચાલુ 'હુણ્ડા' અવસર્પિણી કાળમાં 'જમ્બૂ' દ્વીપમાંના 'ભરત' ક્ષેત્રમાં આપણા દેશમાં ઋષભદેવથી માંડીને મહાવીર સ્વામી એમ ૨૪ તીર્થંકરો થયા છે. એ બધા ઋષભાદિ અંગે કૃતિઓ નથી. ફક્ત છ જ તીર્થંકરો અંગે છે.

**પરિમાણ :** પ્રસ્તુત ૨૧ કૃતિઓ પૈકી ૨૧ મી કૃતિ સૌથી મોટી છે. એમાં ૧૫૦ પદ્યો છે. સૌથી નાની કૃતિ ત્રીજી છે, એમાં છ જ પદ્યો છે.

**છંદોનું વૈવિધ્ય :** શ્રી કલ્યાણસાગરસૂરિજીએ વિવિધ છંદો ઉપર અને તેમાં પણ કેટલાક તો અલ્પ પરિચિત છંદો ઉપર પણ પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે. ૨૧ કૃતિઓમાં જે જે છંદો વપરાયા છે તેનાં નામો આ પ્રમાણે છે : ઉપેન્દ્રવજ્રા, અનુષ્ટુભ્, આર્યા, ઇન્દ્રવજ્રા, કેકિરવ, ગીતિ, ચમ્પકમાલા, તોટક, દ્રુતવિલંબિત, દોધક, નગસ્વરૂપિણી, નારાચ, પંચચામર, ભુજંગપ્રયાત, મણિમધ્ય, મંદાક્રાંતા, માણવક, માલિની, રથોદ્ધતા, વસંતતિલકા, વંશસ્થ, વિદ્યુન્માલા, શાર્દૂલવિક્રીડિત, શાલિની, શિખરિણી, સ્રગ્ધરા, હરિણી અને હંસી.

**અલંકાર :** પ્રસ્તુત કૃતિઓમાં રૂપક અલંકાર પ્રાધાન્ય ભોગવે છે. તદુપરાંત ઉત્પ્રેક્ષા, ઉપમા, શ્લેષ વગેરે. યમક અલંકાર અંગે મેં સંપાદિત કરેલ 'ચતુર્વિંશતિ જિનાનંદા-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સીતિ 'ના 'ગ' પરિશિષ્ટમાંના જિનપદ્મે રચેલા 'પાર્શ્વનાથ સ્તવનના સ્પષ્ટીકરણ' (પૃ. ૨૨૬–૨૨૮)માં માહિતી આપી છે.

'સુવિધિનાથ સ્તવન' અને 'સેરીશ પાર્શ્વનાથ સ્તવન'ના સાતમા પદ્યમાં 'કલ્યાણસૂરિ' પ્રયોગ સ્તોત્રકારે કર્યો છે. કર્તાએ બાકીની લગભગ એક પણ કૃતિમાં પોતાને 'સૂરિ' કહ્યા નથી. એ હિસાબે તો લગભગ બધી જ કૃતિઓ વિ. સં. ૧૬૪૨ થી વિ. સં. ૧૬૪૯ ના ગાળામાં રચાયેલી ગણાય. 'સૂરિ'પદના નિર્દેશવાળી કૃતિ વિ. સં. ૧૬૪૯ થી વિ. સં. ૧૭૧૮ ના ગાળાની ગણાય.

**રચના સ્થળ** : ૨૧ કૃતિઓ પૈકી ઘણીખરીનું રચનાસ્થળ જણાવાયું નથી. તેમ છતાં યાત્રાર્થે કલ્યાણસાગરસૂરિ વિવિધ સ્થળોએ ગયા છે અને ત્યાં અમુક અમુક કૃતિ રચ્યાનો સંભવ હોઈ કોઈ વિશે આપણે રચનાસ્થળ કામચલાઉ સૂચવી શકીએ. જેમ કે દાદા પાર્શ્વનાથ સ્તવન વડોદરામાં થયું હોવાનો સંભવ છે.

ઇષ્ટ વસ્તુનું ગુણોત્કીર્તન ઈશ્વરવાદી તેમ જ અનીશ્વરવાદીઓએ પણ કર્યું છે. આવો ગુણોત્કીર્તનનો વ્યાપક અર્થ અહીં પ્રસ્તુત નથી. ઈશ્વરના ગુણોનું અનુમોદન એ અર્થ સંગત છે. આ સંબંધમાં 'ભક્તામર, કલ્યાણમંદિર અને નમિઊણ સ્તોત્રત્રયમ્'ની મારી પ્રસ્તાવનાનો હું ઉલ્લેખ કરું છું. એમાં સ્તુતિ–સ્તોત્રોની વ્યાપકતા, સ્તોત્રસાહિત્ય અને તેનો વિષય, તેનું ગૌરવ અને શ્વેતાંબરીય સ્તોત્ર સાહિત્યનો વિશદ પરિચય છે. ત્યાં શતાબ્દી દીઠ મેં સાહિત્યને સ્થાન આપ્યું છે.

**કર્તૃત્વ** : કર્તાએ કોઈ કોઈ કૃતિમાં પોતાને 'સૂરિ' કહ્યા છે.

**પરિચય** : ભક્તિ–સાહિત્ય એટલે ઇષ્ટ પરમાત્માનું ગુણોત્કીર્તન. જૈન દર્શન પ્રમાણે પરમાત્માઓના બે પ્રકાર છે : (૧) અશરીરી મુક્તાત્માઓ જેઓ લોકના અગ્રભાગે આવેલી સિદ્ધશિલાથી થોડેક ઊંચે નિરંજન અને નિરાકાર રૂપે રહેલા છે અને જેમની સંખ્યા અનંતની છે. (૨) દેહધારી ધર્મતીર્થના સ્થાપક અને તે જ ભવે મોક્ષે જનાર ભૂતકાલીન અગણિત તીર્થંકરો, વર્તમાનકાલીન ૨૦ તીર્થંકરો જે કેવળ મહાવિદેહમાં અને તે પણ તેના ૩૨ વિજયો પૈકી આઠ વિજયોમાં જ આજે વિચરે છે, તેમ જ હવે પછી થનારા અનંત તીર્થંકરો, તીર્થંકર બનશે ત્યારે અરિહંત પરમાત્મા ગણાશે.

પ્રસ્તુતમાં જે તીર્થંકરો આપણા દેશમાંથી ચાલુ 'હુણ્ડા' અવસર્પિણીમાં મોક્ષે ગયા છે, તે પૈકી સંભવનાથ, શાંતિનાથ અને પાર્શ્વનાથ તો તે જ સ્વરૂપે તેમની સ્તુતિ કરાઈ છે. તેમ જ બાકીના તીર્થંકરોનાં ગુણગાન તેમની પ્રતિમાઓને લક્ષીને કરાયાં છે. સંભવનાથ અને શાંતિનાથને અંગે એકેક કૃતિ છે જ્યારે પાર્શ્વનાથને અંગે ત્રણ કૃતિઓ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. અને તેમની વિવિધ સ્થળોની પ્રતિમાઓના ઉલ્લેખવાળી અનુક્રમે ૧ અને ૧૧ કૃતિઓ છે. ઋષભદેવની પ્રતિમાને ઉદ્દેશીને અનુક્રમે ૧ છે.

ગુણોત્કીર્તન ઉપરાંત કોઈ કોઈ બાબત કેટલીક કૃતિઓમાં રજૂ કરાઈ છે. એને જ મુખ્યત્વે મેં આ પરિચયમાં સ્થાન આપ્યું છે. ગુણોત્કીર્તન રૂપે સ્તુતિઓ, સ્તોત્રો અને સ્તવનો તો કલ્યાણસાગરસૂરિ પૂર્વે પણ પુષ્કળ પ્રમાણમાં રચાયાં છે. તેમ છતાં એ સૂરિની રચનાઓમાં પણ ત્રણ બાબતો આગળ પડતી જણાય છે : (૧) સંસ્કૃત શબ્દોનો ભંડાર (કોઈ કોઈ અનેકાર્થ શબ્દ પણ નજરે પડે છે, જેમ કે, કલ્યાણ અને સારંગ), (૨) રૂપકોની રેલમછેલ અને (૩) નાનકડું ગીત.

## (૧-૧) માણિક્યસ્વામીસ્તુતિ :

આ અઢાર પદ્યના કુલકરૂપ (ઋષભદેવ) માણિક્ય સ્વામીની અને દક્ષિણ દેશના કુલપાકના નાથ ઋષભદેવની સ્તુતિ નિમ્નલિખિત અઢાર ભિન્ન ભિન્ન છંદમાં કરાઈ છે :

આ છંદો તે સ્રગ્ધરા, દ્રુતવિલંબિત, હરિણી, પંચચામર, ભુજંગપ્રયાત અથવા ભુજંગી, માલિની, નારાચ, આર્યા, ગીતિ, નગસ્વરૂપિણી, માણવક, ત્રોટક, મણિમધ્ય, ચંપકમાલા, હંસી, શાલિની, કેકિરવ, અને ઈંદ્રવજ્રા છે. આ પૈકી કેટલાક છંદોનો ભાગ્યે જ અન્યત્ર ઉપયોગ થયેલો જણાય છે.

[**કુલપાક તીર્થ :** તેલંગ દેશમાંના માણિક્ય સ્વામીની ચમત્કારિક મનાતી પ્રતિમા દક્ષિણ હૈદરાબાદથી ઇશાન દિશામાં છે અને તે ૪૫ માઈલને અંતરે આવેલી નગરી છે. હાલ તો એ મૂર્તિ નાના સરખા ગામડામાં જિનાલયમાં છે. તેમાં એ પ્રતિમા ૧૮ હાથ ઊંચી છે. એ મરકતમણિ (નીલમણિ)ની બનાવેલી છે. એ અર્ધપદ્માસન મુદ્રામાં છે. એ પ્રતિમાના બંને સ્કંધો ઉપર શ્યામવર્ણના કેશોની પંક્તિ છે. એનું જિનાલયમાં સ્થાપન કર્ણાટકના રાજા શંકરરાવે કર્યું હતું. સ્થાપન કરી તેના પૂજાના ખરચ માટે બાર ગામો આપ્યાં હતાં. એ પ્રતિમાના અભિષેકજળથી કલ્યાણીમાં મરકી શાંત થયાનું કહેવાય છે.

કુલપાક તીર્થનું વર્ણન જિનપ્રભસૂરિએ વિવિધ તીર્થકલ્પમાં કર્યું છે. એનું હિંદી ભાષાંતર યતિ બાલચંદે કરેલું. એ સંવત ૧૯૭૨ માં છપાયું છે. તેનો ગુજરાતીમાં સારાંશ 'કુલપાક તીર્થ માહાત્મ્ય' નામની પુસ્તિકામાં છે.]

પ્રથમ પદ્યમાં 'સ્વામી' વિશેષ્ય છે, એ પદ્યથી માંડીને છેવટ સુધીના ૧૮ મા પદ્ય સુધી વિવિધ વિશેષણો લગભગ સમાસરૂપ અપાયાં છે અને ૧૮ મા પદ્યમાં भूयात् ક્રિયાપદ છે. એથી माणिक्यपूर्वः......स्वामी संघगणस्य भूत्यै सदा स्यात् એમ અન્વય કરવાનો છે. પ્રસ્તુત સ્તુતિમાં ઋષભદેવનાં માતાપિતાનાં નામો, મરુદેવા અને નાભિ, એમના શાસનદેવ-દેવીનાં નામો, ગોમુખ અને ચક્રેશ્વરી, એમની પ્રતિમાનું સ્થાન કુલપાક, એમનું લાંછન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃષભ, શરીર લક્ષણોથી અંકિત, નેત્રો વિશાળ તેમ જ સ્વર સારંગ ( પક્ષી ) જેવો એમ ઋષભદેવ વિશે માહિતી આ ગુણોત્કીર્તનરૂપ સ્તુતિમાંથી મળે છે.

**( ૩ – ૨ ) સૂર્યપુરીય સંભવનાથ સ્તોત્ર :**

આ સ્તોત્રમાં ૧૧ પદ્યો છે. પહેલાં નવ પદ્યો કુલકરૂપ છે. આ નવ પદ્યો વસંતતિલકા છંદમાં છે. ૧૦ મું પદ્ય ઇંદ્રવજ્રા છંદમાં છે અને ૧૧ મું પદ્ય શાર્દૂલવિક્રીડિત છંદમાં છે.

પહેલાં નવ પદ્યોનાં ચારે ચરણોના અંતમાં ચતુર્થી વિભક્તિનાં રૂપો છે. પ્રથમ પદ્યમાં સંભવનાથના મુખને ચંદ્ર જેવું અને એમનાં નેત્રોને કમળ જેવાં નિર્મળ હોવાનું કહ્યું છે. તેમ જ એમના દેહની પ્રભાની પ્રશંસા કરાઈ છે.

દ્વિતીય પદ્યમાં એમને સોનાની કુક્ષિમાં મૌક્તિક સમાન વર્ણવાયા છે.

તૃતીય પદ્યમાં સંભવનાથને સૂર્ય બંદરના એટલે સુરતના મનોરમ અલંકાર કહ્યા છે.

પાંચમા પદ્યમાં એમના શરીરનો વર્ણ અષ્ટાપદ (યાને સુવર્ણ) જેવો સૂચવ્યો છે.

સાતમા પદ્યમાં એમનું લાંછન ઘોડો હોવાનો ઉલ્લેખ છે.

કર્તાએ છઠ્ઠા પદ્યમાં 'કલ્યાણસાગર' એવા શબ્દ દ્વારા પોતાનું નામ સૂચવ્યું છે. દશમા પદ્યમાં 'કલ્યાણ' શબ્દ છે, તે એમના નામનો દ્યોતક છે.

સુરત (સંસ્કૃત સૂર્યપુર) આ દક્ષિણ તરફ ગુજરાતનું મહત્ત્વનું સુવિખ્યાત શહેર છે. એને અંગે વિસ્તૃત માહિતી 'સુરત સોનાની મૂરત'માં અપાઈ છે. સંભવનાથની પ્રસ્તુત પ્રતિમા સુરતના ગોપીપરાના જિનાલયમાં છે. એમાં મારા બાપદાદાના નાણાવટમાંના મકાનમાંના ગૃહચૈત્યની નમિનાથ વગેરેની ધાતુની પ્રતિમાઓ મારે ન છૂટકે પધરાવવી પડી છે.

યશોવિજયગણિએ 'સુરતમંડન મહાવીરસ્તવન' રચ્યું છે અને એ 'સજ્જન સન્મિત્ર યાને એકાદશ મહાનિધિ'માં ( પૃ. ૪૨૭)માં પ્રસિદ્ધ કરાયું છે. તેમ જ અન્યત્ર પણ પ્રસિદ્ધ કરાયું છે.

**( ૨ – ૧૬ ) સંભવનાથાષ્ટક :**

આ કૃતિમાં એના નામ પ્રમાણે આઠ જ પદ્યો નથી પરંતુ નવ છે. પાંચમા પદ્ય સિવાયનાં પદ્યો ઇન્દ્રવજ્રા છંદમાં રચાયાં છે. પાંચમા પદ્યમાં દ્વિતીય ચરણમાં બાર અક્ષરો છે. પહેલાં આઠ પદ્યો પૈકી પ્રત્યેકનું અંતિમ ચરણ આ પ્રમાણે છે : देवैर्नतं संभवनाथमीडे ॥

ચતુર્થ પદ્યમાં આઠ પ્રાતિહાર્યોનો બાંધે ભારે ઉલ્લેખ છે. એ આઠે પ્રાતિહાર્યો પ્રત્યેક તીર્થંકર અને એમના પ્રત્યેના ઉત્કટ પૂજ્યભાવને લઈને દેવો રચે છે. એ એમના પૂજા-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિશયનું પ્રદર્શન છે. પ્રસ્તુત અષ્ટકમાં સંભવનાથના વંશનું નામ 'ઈક્ષ્વાકુ' અને એમની માતાનું નામ 'સેના' રજૂ કરાયાં છે. ત્રીજા પદ્યમાં એમનું મુખ પૂર્ણિમાના ચંદ્ર જેવું છે અને સાતમા પદ્યમાં એમના દાંત 'કુન્દ' પુષ્પ જેવા છે અને નેત્રો કમળનાં સમાન છે એવા ઉલ્લેખો છે. જ્યારે પ્રથમ પદ્યમાં એમના દેહનો વર્ણ ચમકતા સુવર્ણ જેવો કહ્યો છે અને એમના લાંછન તરીકે ઘોડાનો નિર્દેશ છે.

આ અષ્ટક વિવિધ રૂપકોથી અલંકૃત છે. તેમાં દુઃખ રૂપ સમુદ્ર પ્રત્યે પીતસમુદ્ર અને અગસ્ત્યનું રૂપક નોંધપાત્ર છે; કેમ કે અગસ્ત્ય ઋષિએ સમુદ્રનું પાન કર્યાની વાત અજૈન મતાનુસાર છે. આ રૂપક કલ્યાણસાગરસૂરિએ અન્ય કૃતિઓમાં પણ વાપર્યું છે. તે કવિ સમયને આભારી ગણાય.

### (૪–૩) સિતેરતપુરીય સુવિધિનાથ સ્તવન :

આ સ્તવનની કૃતિ બધી કૃતિઓમાં સૌથી નાની છે. એમાં છ પદ્યો છે. એ પૈકી પહેલાં પાંચ દ્રુતવિલંબિત છંદમાં છે. જ્યારે અંતિમ છઠ્ઠું પદ્ય અનુષ્ટુભ્‌માં છે.

આ કૃતિ સિતેતરપુરના સુવિધિનાથને લગતી છે. એનાં શરૂઆતના પાંચ પદ્યોનું પ્રત્યેક ચરણ 'સુવિધિનાથ જિન' છે. એના શ્લોક ૩ માં સુવિધિનાથને રજત (ચાંદી) જેવા કાંતિવાળા અને મગર રૂપ લાંછનવાળા વર્ણવ્યા છે. છઠ્ઠા પદ્યમાં સુવિધિનાથને નવમા જિન તીર્થંકર કહ્યા છે. અંતિમ પદ્યમાં કર્તાએ પોતાનો 'કલ્યાણસૂરિ' તરીકે ઉલ્લેખ કર્યો છે. આમ આ જ કૃતિમાં સૂરિ પદવીનો કર્તાએ નિર્દેશ કર્યો છે. એ હિસાબે આ કૃતિ વિ. સં. ૧૬૪૯ થી વિ. સં. ૧૭૧૮ ના ગાળામાં રચાયેલી ગણાય. સિતેતરપુર કયું તે સ્પષ્ટ જાણવામાં આવ્યું નથી.

### (૫–૪) શાંતિનાથ સ્તોત્ર :

આ સ્તોત્રમાં ૧૩ પદ્યો છે. તેમાં પહેલાં બાર કુલક રૂપ છે. એ બારે દ્રુતવિલંબિત છંદમાં છે, જ્યારે તેરમું પદ્ય માલિની છંદમાં છે.

પ્રથમ પદ્યમાં શાંતિનાથનાં નેત્ર કમળ જેવાં કહ્યાં છે. તૃતીય પદ્યમાં એમનાં ચરણો વિવિધ લક્ષણોથી યુક્ત છે અને એમની ગતિ ચંચળ અને મદોન્મત્ત હાથી જેવી છે એમ કથન છે. છઠ્ઠા પદ્યમાં એવા ઉલ્લેખો છે કે એમના દાંત કુસુમ જેવા છે અને પોતાના બાહુબળથી એમણે રાષ્ટ્ર સાધેલ છે, શત્રુને જીત્યા છે તથા રાજાઓને નમાવ્યા છે. આઠમા પદ્યમાં એમનો વર્ણ સુવર્ણ જેવો અને એમનાં ચરણ હરણના ચિહ્નથી અંકિત છે એ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે બાબત દર્શાવાઈ છે. નવમા પદ્યમાં એમના ધાર્મિક દાનની પ્રશંસા કરાઈ છે. દશમા પદ્યમાં એમને કામદેવને જીતવામાં શંકરના સમાન અને એમનું મુખ ચંદ્ર કરતાં ચઢિયાતું છે એવો નિર્દેશ છે; અગિયારમાં પદ્યમાં તેઓ કેવળજ્ઞાનીઓના સમૂહના સ્વામી છે એ વાત જણાવાઈ છે. બારમા પદ્યમાં એમનું રૂપ અનુપમ છે એ વિગત અપાઈ છે. સાથે સાથે કર્તાએ પોતાના નામનું 'કુશળસાગર' રૂપે સૂચન કર્યું છે કેમ કે કલ્યાણનો અર્થ કુશળ છે. તેરમા પદ્યમાં આ સ્તોત્રોનું નિત્ય પઠન કરનાર સંપત્તિ પામે છે એમ કહ્યું છે.

સાતમા પદ્યમાં 'સિન્ધૂર' શબ્દ હાથી અને સિંહ એમ બે અર્થમાં વપરાયો છે. એવી રીતે આઠમા પદ્યમાં સુવર્ણ શબ્દ યોજયો છે. આ શબ્દ 'કુશળસાગર' એ પણ શબ્દવૈવિધ્યનો દ્યોતક છે. કર્તાએ આ સ્તવનને અંતિમ પદ્યમાં સ્તોત્ર કહ્યું હોવાથી અમે પણ તેને સ્તોત્ર કહ્યું છે.

**( ૬–૫ ) શ્રી શાંતિનાથ સ્તવન :**

આ કૃતિમાં ૧૯ પદ્યો છે. ૧૮ મા પદ્યમાં એનો સ્તોત્ર તરીકે અને ૧૯ માં સ્તવન તરીકે નિર્દેશ કરાયો છે. પહેલાં ત્રણ પદ્યો દ્વારા વિશેષક બનેલ છે. પદ્ય ચાર અને પાંચ મળીને યુગ્ય થાય છે. સાતમા પદ્યનો સંબંધ કોની સાથે છે તે વિચારવું બાકી છે. પદ્ય આઠ અને નવ યુગ્મરૂપે છે.

આ સ્તવનમાં નિમ્નલિખિત ૧૯ છંદોનાં અનુક્રમે દર્શન થાય છે: સ્રગ્ધરા, તોટક, ભુજંગપ્રયાત, હરિણી, ઇન્દ્રયશા, શાલિની, દ્રુતવિલંબિત, ઇન્દ્રવજ્રા, રથોદ્ધતા, ઉપેન્દ્રવજ્રા, માલિની, શિખરિણી, વિદ્યુન્માલા, વસંતતિલકા, દોધક, નારાચ, વંશસ્થ, મંદાક્રાન્તા અને શાર્દૂલવિક્રીડિત.

આમ, પ્રત્યેક શ્લોક ભિન્ન ભિન્ન છંદમાં છે. આ સ્તવનની એ વિશિષ્ટતા ગણાય. પદ્ય એકમાં 'શાંતિ' નામ છે. એ તીર્થંકરના દેહનો વર્ણ ઉત્તમ સુવર્ણ જેવો છે. એમની આકૃતિ મનોહર છે અને એમણે મારિ ( મરકી )નું નિવારણ કર્યું છે, એમ ત્રણ બાબતો દર્શાવાઈ છે.

ચતુર્થ પદ્યમાં એમનું મુખ કમળ જેવું છે અને એમની ચાલ ગજેંદ્ર જેવી છે એમ બે વિગતો રજૂ કરાઇ છે-

પાંચમા પદ્યમાં એમનો દેહ, છત્ર વગેરે લક્ષણોથી લક્ષિત કહ્યો છે. પદ્ય ૮ માં શાંતિનાથના હાથમાં ચક્રનું ચિહ્ન છે એમ કહ્યું છે. પદ્ય ૧૧ માં બે બાબતો જણાવાઇ છે: (૧) શાંતિનાથે હરણને શરણ આપ્યું અને (૨) તેઓ વિશ્વસેનના પુત્ર છે. પદ્ય ૧૫ માં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો નિર્દેશ છે કે, શાંતિનાથનું વદન શરદ ઋતુના શુદ્ધ ચંદ્ર જેવું છે અને એમનું ચિત્ત શંખના જેવું નિર્મળ છે. વિશેષમાં તેઓ દુર્ગતિના સાગર માટે અગસ્ત્ય જેવા છે અર્થાત્ દુર્ગતિનો સાગર તેઓ પી ગયા છે, એમણે એનો નાશ કર્યો છે. પદ્ય એકમાં ત્રિભુવનને નગર કહ્યું છે. તૃતીય પદ્યમાં 'કલિ' યુગનો ઉલ્લેખ છે, છઠ્ઠા પદ્યમાં બ્રહ્મ લોકાન્તિકોનો નિર્દેશ છે. નવમામાં 'દ્વાપર'થી શું સમજવું ? એ પ્રશ્ન ઉદ્ભવે છે. પદ્ય ૧૬ માં શાંતિનાથને અચિરાના પુત્ર કહ્યા છે. પદ્ય ૧૮ માં કર્તાએ પોતાનું નામ 'કલ્યાણ' અને પદ્ય ૧૯ માં 'કલ્યાણોદધિ' અર્થાત્ 'કલ્યાણસાગર' દર્શાવેલ છે.

**( ૭ – ૧૩ ) પાર્શ્વજિન સ્તવન :**

આ સ્તવનમાં દશ પદ્યો છે એ કુલકરૂપ છે. પદ્યો ૧ થી ૯ તોટક છંદમાં છે. ૧૦ મા અંતિમ પદ્યનો છંદ કયો તે પ્રકાશિતમાં જણાવ્યું નથી. ( એ છંદ માત્રામેળ છંદ હરિગીત હોય તેમ લાગે છે. )

આ કૃતિમાં દ્વિતીય પદ્યમાં પાર્શ્વનાથના બન્ને હાથ શુભ લક્ષણોથી લક્ષિત, એમની ગતિ ગજરાજના જેવી અને એમના દાંતોના તેજ વડે તેજસ્વી અને સુંદર વદનવાળા એમ નિર્દેશ છે. પાંચમા પદ્યમાં એમની સુંદર આકૃતિથી દેવાદિ મોહિત થયાનો ઉલ્લેખ છે. છઠ્ઠા પદ્યમાં એમનો અવાજ મેઘની ગર્જના કરતાં વિશેષ હોવાનું કથન છે. આઠમા પદ્યમાં એમનો દેહ ઇન્દ્રમણિની પ્રભાવાળો કહ્યો છે. વિશેષમાં એ જ પદ્યમાં ધરણેન્દ્ર દ્વારા સેવિત અને દશમામાં પદ્માવતી દેવી દ્વારા સારી રીતે સ્તુતિ કરાયેલા વર્ણવેલા છે. આઠમા પદ્યમાં શાંત રસનો નવમા રસ તરીકે નિર્દેશ છે.

કર્તાએ દ્વિતીય અને દશમા પદ્યમાં 'શુભસાગર' શબ્દ દ્વારા પોતાનું નામ સૂચવ્યું છે.

દેવી પદ્માવતીનો વર્ણ સુવર્ણ જેવો છે. વાહન કુર્કુટ જાતિનો સર્પ છે. એને ચાર હાથ છે. એના જમણા બે હાથોમાં કમળ અને પાશ છે, તો ડાબા બે હાથમાં ફળ અને અંકુશ છે.

કોઈએ ૩૨ પાઇય (પ્રાકૃત) પદ્યમાં 'વઇરુટ્ટા થુત્ત' ( वैराट्या स्तोत्र ) રચ્યું છે. તેના દ્વિતીય પદ્યમાં ધરણ નાગેંદ્રને 'પદ્માવતી' અને 'વૈરોટ્યા' એમ બે પત્ની હોવાનું કહ્યું છે. આર્ય નન્દિલે ૩૦ ગાથામાં વઇરુટ્ટા–થવણં કહ્યું છે. ( 'જિનરત્નકોશ' વિ. ૧, પૃ. ૩૪૦માં વજ્જોષ્ડી સ્તવન કહ્યું છે. વજ્જોષ્ડી અશુદ્ધ જણાય છે. આ સ્તોત્ર 'સજ્જન સન્મિત્ર'માં પૃ. ૧૫૧ ૫૨ છે.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૮ – ૬) સેરપુરીય અંતરિક્ષ પાર્શ્વનાથ સ્તવન :

આ કૃતિમાં નવ પદ્યો છે. એનાં પહેલાં આઠ પદ્યો ઇન્દ્રવજ્રા છંદમાં છે, તો નવમું અંતિમ પદ્ય સ્રગ્ધરામાં છે. આઠે પદ્યોનું ચતુર્થ ચરણ पार्श्वं भजे संस्थितमन्तरिक्षे છે. અને શબ્દ सेरपुरावतंसम् છે.

આ કૃતિ 'અંતરિક્ષમાં રહેલા' અને એથી 'અંતરિક્ષ પાર્શ્વનાથ' તરીકે ઓળખાતી કૃતિ છે. (જુઓ પદ્ય ૧–૮) એ પ્રભુ સેરપુરના ભૂષણરૂપ છે. (જુઓ પદ્ય ૯)

આ કૃતિ દ્વારા પાર્શ્વનાથ વિશે નિમ્નલિખિત બાબતો જાણવા મળે છે:

(૧) તેઓ વામાના પુત્ર છે. (પદ્ય ૪)

(૨) એમનો શાસનદેવ, 'પાર્શ્વ' નામનો યક્ષ છે. (પદ્ય ૫)

(૩) પદ્માવતી દેવી એમની ચરણ સેવનારી દેવી છે. (પદ્ય ૭)

(૪) એમનો દેહ ઉત્તમ નીલરત્નની કાંતિવાળો છે. (પદ્ય ૩)

આ સ્તવનના કર્તાએ પોતાનું નામ અંતિમ પદ્યમાં 'કલ્યાણ' દ્વારા સૂચવ્યું છે.

સેરપુર તે શિરપુર છે?

અંતરિક્ષ પાર્શ્વનાથનાં બે સ્તવનો યશોવિજય ગણિકૃત અને હંસવિજયજીએ વિ. સં. ૧૯૫૬માં રચેલ સં. રા. એ. મ. (પૃ. ૪૨૧ અને ૪૧૭–૧૮, માં અનુક્રમે છપાયેલાં છે.

## (૯–૧૦) કલિકુંડ પાર્શ્વનાથ સ્તોત્ર :

આ કૃતિને પ્રકાશિત પુસ્તકમાં 'કલિકુંડ પાર્શ્વાષ્ટક' કહી છે, પરંતુ કર્તાએ એને અષ્ટક કહ્યું નથી. વિશેષમાં એને સ્તોત્ર કહ્યું છે. એથી આ કૃતિનું ઉપર મુજબ નામ મેં રાખ્યું છે. એમાં નવ પદ્યો છે. એ પૈકી ૧–૮ ઉપેંદ્રવજ્રા છંદમાં છે, નહિ કે પ્રકાશિત પુસ્તકમાં દર્શાવ્યા મુજબ ઉપજાતિમાં. નવમું અંતિમ પદ્ય ઇન્દ્રવજ્રા છંદમાં છે.

પહેલાં આઠે પદ્યોનું ચતુર્થ ચરણ સમાન છે. નવમા પદ્યમાં કર્તાથી પોતાનો 'કલ્યાણ' એવા સંક્ષિપ્ત નામથી ઉલ્લેખ કર્યો છે. આઠમા પદ્યમાં કર્તાએ 'શુભસિન્ધુ'થી પોતાનું નામ સૂચવ્યું છે. પ્રથમ પદ્યમાં કમઠે કરેલા ઉપસર્ગો સહન કરવા માટે પાર્શ્વનાથનો ઉલ્લેખ ધીરજની ભીંત તરીકે કરેલો છે. દ્વિતીય પદ્યમાં એમની આકૃતિની પ્રશંસા કરાઈ છે. પાંચમા પદ્યમાં એમના દેહનો વર્ણ સુંદર હોવાનું કહ્યું છે. છઠ્ઠા પદ્યમાં એમનો દેહ શુભ લક્ષણોથી વિભૂષિત જણાવાયો છે. સાતમા પદ્યમાં પાર્શ્વનાથના પૂજક તરીકે ધરણ ઇંદ્ર અને પાર્શ્વયક્ષનો ઉલ્લેખ છે. કામદેવ માટે 'વિષયાયુધ' પ્રયોગ કરાયો છે. તૃતીય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદ્યમાં પાર્શ્વનાથને સિદ્ધિના–મુક્તિના વિલાસયંત્ર તરીકે નવાજ્યા છે. (પાર્શ્વયક્ષ, ધરણેંદ્ર અને પદ્માવતી દેવીના પરિચય માટે જુઓ ટિપ્પણ ૧૪)

કલિકુંડ પાર્શ્વનાથની પ્રતિમા ક્યાં છે તે આ કૃતિમાં કહ્યું નથી. સુરતમાં ચાંલ્લા ગલીમાં તેમ જ પાટણના ઢંઢેરાવાડામાં આ નામની પ્રતિમા છે. એ બેમાંથી જ એક અત્રે અભિપ્રેત હશે કે કેમ એ સ્પષ્ટ થતું નથી.

આ સ્તોત્રનો કલિકુંડ શબ્દ અજ્ઞાતકર્તૃક અને અંતમાં મંત્રવાળા 'કલિકુંડ પાર્શ્વનાથ યન્ત્ર'નું સ્મરણ કરાવે છે. ('સજ્જન સન્મિત્ર' પ. ૧૪૩) વળી ચાર પાઈય પદ્યમાં રચાયેલું કલિકુંડ મંત્રાધિરાજ સ્તોત્ર પણ છે.

## (૧૦ – ૮) ગૌડિક પાર્શ્વસ્તવન :

આ સ્તવનમાં ૧૧ પદ્યો છે, પહેલાં ૮ પદ્યોનો છંદ શાર્દૂલવિક્રીડિત છે. નવમું પદ્ય અનુષ્ટુભ્ છંદમાં છે અને દશમું સ્રગ્ધરા છંદમાં છે. પદ્ય ૧–૮ પૈકી પ્રત્યેક પદ્યના અંતમાં ચતુર્થ ચરણ पार्श्वं सुपार्श्वं भजे આવે છે. પ્રથમ પદ્યમાં પાર્શ્વનાથને વામાના પુત્ર, મરુદેશના ઉત્તમ વિભૂષણ (મારવાડના શણગાર), 'ઇક્ષ્વાકુ' વંશમાં જન્મેલા અને ઉત્તમ પાર્શ્વવાળા કહ્યા છે. તૃતીય પદ્યમાં એમની વાણીના અમૃત વડે દેવાદિ રંજિત થાય છે એવો નિર્દેશ છે. ચતુર્થ પદ્યમાં એમને નાગનું લાંછન હોવાનું અને સાતમામાં અનન્ત ચતુષ્ટયના ધારક કહ્યા છે. પદ્ય નવ, દશ અને અગિયારમાં નિર્દોષ સાધેલા ભિન્નમાળ દેશના પુષ્પમાળ નામના અન્તર પ્રદેશમાં 'ગૌડિક' ગ્રામ આવેલું છે એમ જણાવાયું છે.

કર્તાએ દશમા પદ્યમાં પોતાનો ઉલ્લેખ 'કલ્યાણસાગરસૂરિ' તરીકે કરેલો છે. એ હિસાબે આ સ્તવન વિ. સં. ૧૬૪૯ થી વિ. સં. ૧૭૧૮ના ગાળામાં રચાયેલું ગણાય. આવું બીજું સ્તવન તે 'સિતેતરપુરીય સુવિધિનાથ સ્તવન' છે.

દ્વિતીય પદ્યમાં કલિયુગનો ઉલ્લેખ છે. પાંચમા પદ્યમાં પાર્શ્વપ્રભુને પીતવારિધિ અર્થાત્ જેણે સમુદ્રનું પાન કર્યું છે એવા અર્થાત્ અગસ્ત્ય ઋષિ કહ્યા છે. પદ્માવતીના છંદો તેમ જ ગોડી પાર્શ્વનાથના છંદો તેમ જ તેને લગતી કેટલીક વિગતો મેં સંપાદિત કરેલ 'છંદસંદોહ'માં છે, એમાંનાં દશ સ્તવનો 'સજ્જન સન્મિત્ર'માં છે.

## (૧૧ – ૯) ગૌડિક પાર્શ્વસ્તવન (સ્તોત્ર) :

આ કૃતિમાં ૧૧ પદ્યો છે. એ પૈકી દસમામાં એને સ્તોત્ર કહ્યું છે, તો ૧૧મામાં સ્તવન. આમ હોઈ મેં શીર્ષકમાં બન્નેનો ઉલ્લેખ કર્યો છે. દ્વિતીય પદ્યમાં ગૌડિક નામના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાર્શ્વ એમ કહ્યું છે એટલે મેં શીર્ષકમાં આ શબ્દનો ઉપયોગ કર્યો છે. પ્રકાશિત પુસ્તકમાં 'ગૌડિક' ને બદલે 'ગોડી' છે તે કેવી રીતે સમુચિત ગણાય? અર્થની દૃષ્ટિએ તો ગૌડિક અને ગોડી બન્ને એક જ છે અને ગોડી શબ્દ પ્રચલિત છે. પ્રસ્તુત કૃતિ વિવિધ છંદોમાં રચાઈ છે. એના ૧૧ પદ્યોના છંદો અનુક્રમે નીચે મુજબ છે:

માલિની, સ્રગ્ધરા, પંચચામર, વસંતતિલકા, દ્રુતવિલમ્બિત, હરિણી, શાર્દૂલવિક્રીડિત, તોટક, ભુજંગપ્રયાત અને શિખરિણી. આ ઉપરથી જોઈ શકાશે કે વિવિધ છંદોની સંખ્યા ૧૦ની છે, કેમ કે પદ્ય ૭ અને ૧૦ બન્ને એક જ શાર્દૂલવિક્રીડિત છંદમાં છે.

પ્રથમ પદ્યમાં પાર્શ્વનાથજીને ચંદ્ર કહ્યા છે. એમની દૃષ્ટિ વિકસિત કમળ જેવી છે અને એમને સર્પનું લાંછન છે એ બન્નેનો અત્રે નિર્દેશ છે. દ્વિતીય પદ્યમાં એમનું ગોત્ર સુંદર–ઉત્તમ છે, એમણે વિવિધ દેશોમાં અતિશયો (આકર્ષક ગુણો) પ્રાપ્ત કર્યા છે. એમની મૂર્તિ સુંદર છે. એમનો દેહ નીલરત્ન કરતાં સુંદરતામાં ચઢિયાતો છે. એમનું લાવણ્ય દિવ્ય છે અને એઓ 'પાર્શ્વ' નામના યક્ષથી પૂજિત છે એમ વિવિધ વિગતો રજૂ કરાઈ છે. વિશેષમાં એમને મોહરૂપી સમુદ્ર માટે કુંભોદ્ભવ અર્થાત્ અગસ્ત્ય કહ્યા છે. તૃતીય પદ્યમાં એમને છત્ર અને ચામરોના ધારક વર્ણવ્યા છે. ચતુર્થ પદ્યમાં બે બાબતોનો નિર્દેશ છે: (૧) એમણે વાર્ષિક (સાંવત્સરિક) દાન દીધા પછી સાધુવ્રત સ્વીકાર્યું છે. (૨) એઓ વામાના પુત્ર છે. પાંચમા પદ્યમાં કહ્યું છે: તેઓ શૌર્યમાં મેરુ પર્વતથી અધિક છે અને તેઓ દશ ગણધરોના મંડળના મુગટ છે. છઠ્ઠા પદ્યમાં એમના નામના પ્રભાવો વર્ણવાયા છે. નવમા પદ્યમાં એમના અંગે જ્ઞાનના સાગર, જગન્નાથ, નેતા, કૃપા કરવા વડે લોકના બાંધવ અને વિભુ એમ વિવિધ સંબોધનો વપરાયાં છે.

દશમા પદ્યમાં કર્તાએ પોતાનો 'કલ્યાણાર્ણવસૂરિ' તરીકે અર્થાત્ 'કલ્યાણસાગરસૂરિ' તરીકે નિર્દેશ કર્યો છે. આવો સૂરિ તરીકેનો ઉલ્લેખ આ પૂર્વની બે કૃતિઓમાં પણ છે.

### (૧૨–૧૨) ગોડીપુરીય પાર્શ્વ–ગીત:

આ શીર્ષક મેં યોજ્યું છે. પ્રકાશિત પુસ્તકમાં તો એ 'ગોડીપુરીય પાર્શ્વ–જિન–સ્તવન' છે. એમાં रागेण गीयते ઉલ્લેખ છે, એટલે આ ગીત છે. રાગનું નામ કે દેશીનો અત્રે નિર્દેશ નથી. તે કોઈ સહૃદયી સાક્ષર સૂચવશે તો હું તેની સાભાર નોંધ લઈશ.

આ કૃતિમાં ૧૭ પદ્યો છે. પહેલાં સોળ પદ્યો કુલકરૂપ છે. પ્રથમ પદ્યમાં 'ગોડીપુરના પ્રભુ પાર્શ્વ' એવો ઉલ્લેખ છે, એટલે આ કૃતિ ત્યાં અને તે પણ ત્યાંની પ્રતિમાને જોઈને રચાઈ હશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિતીય પદ્યમાં પાર્શ્વનાથનું રૂપ અનુપમ હોવાનું કથન છે. ચતુર્થ પદ્યમાં રુચિર લક્ષણોથી એમનો દેહ અલંકૃત હોવાનું, પાંચમા પદ્યમાં તીર્થંકરગોત્રકર્મ વડે ઉપાર્જિત ગોત્રવાળા હોવાનું, અગિયારમામાં કુળના રક્ષક હોવાનું, બારમામાં એમનો વર્ણ 'ઇન્દ્રનીલ મણિ' જેવો અને વાણી અમૃત સમાન હોવાનું કથન છે. સોળમામાં પ્રભુ અનંત ચતુષ્ટયવાળા હોવાનું કહ્યું છે. સત્તરમા પદ્યમાં 'શુભસાગર' દ્વારા કર્તાએ પોતાનું 'કલ્યાણસાગર' નામ સૂચવ્યું છે.

પદ્ય ૧–૧૬ પૈકી પ્રત્યેક પદ્યના ત્રણ ત્રણ અંશો કરાયા છે અને દરેકનો અંત અનુપ્રાસથી અલંકૃત છે. છઠ્ઠા પદ્યમાં કલ્યાણના બે અર્થ અને નવમા પદ્યમાં શૂ(સૂ)રના બે અર્થવાળો શબ્દ છે. દશમા પદ્યમાં ત્રણ અર્થમાં 'વિશ્વ' શબ્દ યોજાયો છે. એવી રીતે બારમા પદ્યમાં 'સુવર્ણ'નો બે અર્થમાં અને પંદરમા પદ્યમાં 'સારંગ'નો ત્રણ અર્થમાં પ્રયોગ કરાયો છે. આમ આ ગીતમાં અનેકાર્થક શબ્દો વપરાયા છે.

## (૧૩–૨૦) ચિંતામણિ પાર્શ્વનાથ સંસ્તવન :

આ ૧૧ પદ્યોની કૃતિમાં પાર્શ્વનાથનો 'ચિન્તામણિ' પાર્શ્વનાથ તરીકે પદ્ય ૩, ૫, ૮, ૧૦ એમ વિવિધ પદ્યોમાં ઉલ્લેખ છે.

પદ્ય ૧–૧૦ શાર્દૂલવિક્રીડિત છંદમાં છે, અને ૧૧મું અંતિમ પદ્ય માલિની છંદમાં છે. પ્રથમ પદ્યમાં તીર્થંકરના દેહને અંગે ૧૧ પ્રશ્નો રજૂ કરાયા છે. જેમ કે, શું એ કર્પૂરમય છે? શું એ અમૃતના રસમય છે? ચન્દ્રનાં કિરણોમય છે? વગેરે. દ્વિતીય પદ્યમાં એમના યશને હંસ કહી એ યશ કેવો છે તે બાબત સાત કૃદન્તો દ્વારા રજૂ કરાઈ છે. તૃતીય પદ્યમાં 'ણિ' અન્તવાળા સાત શબ્દો યોજાયા છે. આ ત્રણે પદ્યો કાવ્યરસિકોને આનંદજનક થઈ પડે તેવાં છે. પાંચમા પદ્યમાં 'કલિ' કાળનો ઉલ્લેખ છે, તો નવમામાં શાકિનીનો અને વેતાલનો, દશમામાં કલ્પવૃક્ષ, કુમ્ભ અને ચિન્તામણિ રત્નનો. પદ્યો ૭–૮ યુગ્મરૂપ છે. એ દ્વારા આ મન્ત્ર દર્શાવાયો છે. ॐ ह्रीँ श्रीँ अर्हं नमिउग...

આ મંત્ર આપવાની વિશેષતા સમગ્ર સંસ્કૃત ભક્તિસાહિત્યમાં જોવા મળે છે. આ મંત્રનું ધ્યાન કેવી રીતે ધરવું તે બાબત આઠમા પદ્યમાં જણાવતાં કહ્યું છે કે 'ચિન્તામણિ પાર્શ્વનાથ'નું યોગીઓ હૃદયકમળમાં સ્થાપીને, લલાટ, ડાબી ભુજા, નાભિ, બન્ને હાથ, જમણી ભુજા અને અષ્ટકમળમાં એમ સાત સ્થળે ધ્યાન ધરે છે. ૧૧મા પદ્યમાં પાર્શ્વનાથની પડખે પાર્શ્વયક્ષ હોવાનું કહ્યું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સંસ્તવમાં કર્તાએ પોતાનું નામ પ્રત્યક્ષ કે પરોક્ષ એ બે રીતમાંથી એક પણ રીતે દર્શાવ્યું નથી, તો પછી આના પ્રસ્તુત કર્તા 'કલ્યાણસાગર' છે કે નહિ તે સુજ્ઞોએ સૂચવવા મારી તેમને સાદર વિજ્ઞપ્તિ છે.

ઉપાધ્યાય ભોજસાગરે (બોધસાગરે?) જે ચિંતામણિ પાર્શ્વનાથની ટીકા રચી છે તે સ્તોત્ર શું પ્રસ્તુત કૃતિ છે? ન્યાયાચાર્ય યશોવિજયજી ગણિએ 'ચિંતામણિ' પાર્શ્વનાથનું સ્તવન રચ્યું છે એ 'સજ્જન સન્મિત્ર'માં (પૃ. ૪૨૬) તેમ જ અન્યત્ર પ્રકાશિત કરાયું છે. સુરતના શાહપુરમાં ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય છે તે એની કોતરણી વગેરે માટે સુવિખ્યાત છે.

### (૧૪-૯) વટપદ્રીય દાદા પાર્શ્વનાથ સ્તવન (સંસ્તવ):

આ સ્તોત્ર 'દાદા' પાર્શ્વનાથને લક્ષીને રચાયું છે એમ એનાં નવે પદ્યો જોતાં જણાય છે. વિશેષમાં નવમા પદ્ય ઉપરથી એ જાણવા મળે છે કે એમની આ પ્રતિમા વટપદ્રના (વડોદરાના) જિનાલયની છે. આ કૃતિમાં પાર્શ્વનાથને અંગે ત્રણ બાબતો રજૂ કરાઈ છે: (૧) એમનો દેહ નીલરત્ન કરતાં વધારે કાન્તિવાળો છે. (પદ્ય ૧). (૨) એમનું ચિહ્ન અથવા લાંછન નાગ છે. (પદ્ય ૭) (૩) એમની માતાનું નામ વામા છે. (પદ્ય ૯).

આ કૃતિનાં પહેલાં આઠે પદ્યોમાં ચતુર્થ ચરણ સમાન છે. એ ચરણ છે: दादाभिधं श्रीवरपार्श्वनाथम्। આ કૃતિનાં પદ્ય ૧-૮ ઇન્દ્રવજ્રા છંદમાં છે, જ્યારે નવમું પદ્ય વંશસ્થ છંદમાં છે. આમાંનાં કેટલાં યે વિશેષણો ગમે તે તીર્થંકર અંગે ઘટે તેમ છે, જો કે એની શબ્દરચના વિશિષ્ટ છે. આઠમા પદ્યમાં અજ્ઞાન અને મિથ્યાત્વને અંધકાર કહી એ દૂર કરનાર તરીકે પાર્શ્વનાથ સૂર્ય સમાન છે એવો નિર્દેશ છે. આ કૃતિમાં બહુ રૂપકો નથી.

**નામોલ્લેખ**: આ કૃતિમાં કર્તાએ પોતાનું સંપૂર્ણ નામ આપ્યું નથી. પરંતુ નવમા અંતિમ પદ્યમાં બે વાર 'કલ્યાણ' શબ્દ વાપર્યો છે, તેથી એ સૂચિત થાય છે.

યશોવિજય ગણિએ હિન્દીમાં દાદા પાર્શ્વનાથ સ્તવન પાંચ કડીમાં રચ્યું છે. આ જિનાલય ક્યાં આવ્યું તેનો નિર્દેશ એ કાવ્યમાં નથી. એ સ્થળ નરસિંહજીની પોળમાં આવેલું છે.

### (૧૫-૧૪) 'મહુર' પાર્શ્વનાથ સ્તવન (સંસ્તવ):

આ કૃતિમાં દશ પદ્યો છે, તેમ છતાં પ્રકાશિત પુસ્તકમાં એનો અષ્ટક તરીકે નિર્દેશ છે. આ કૃતિનાં પહેલાં આઠ પદ્યોના છંદ વિશે એમાં કશું કહ્યું નથી. નવમું પદ્ય હરિણી છંદમાં છે અને દશમું અંતિમ પદ્ય દ્રુતવિલમ્બિત છંદમાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સ્તવનનાં આદિમ આઠે પદ્યોના ચતુર્થ ચરણ સમાન છે. એનો અર્થ 'મહુર પાર્શ્વનાથ જિનને તમે ભજો' છે. भजत पार्श्वजिनं महुराभिधम् એ આ ચરણ છે. દ્વિતીય પદ્યમાં કૌશિક ગોત્રવાળા ચંડકૌશિક અને ધરણ ઇંદ્રનો ઉલ્લેખ છે. એ બન્ને ઉપર પાર્શ્વનાથનો સમભાવ હતો એમ કહ્યું છે. તૃતીય પદ્યમાં એમને કરોડો સૂર્ય કરતાં વધારે તેજસ્વી અને ચંદ્ર કરતાંયે વધારે નિર્મળ મુખવાળા વર્ણવ્યા છે. પાંચમા પદ્યમાં કમઠે કરેલી વૃષ્ટિના ઉપદ્રવનો અને છઠ્ઠા પદ્યમાં ધૂળના ઉપદ્રવનો ઉલ્લેખ છે. નવમા પદ્યમાં 'શિવોદધિ' એટલે કલ્યાણસાગર એવો પ્રયોગ કરી કર્તાએ પોતાનું નામ જણાવ્યું છે.

महुर : આ સ્થળ કયું છે તે વિશે પ્રકાશિત પુસ્તકમાં કશી માહિતી અપાઈ નથી. જગચિંતામણિ ચૈત્યવંદનના તૃતીય પદ્યમાં 'મહુરિ' પાસ છે. આનો મથુરામાં બિરાજતા પાર્શ્વનાથ એવો અર્થ બાલાવબોધમાં કરાયો છે. આથી महुर એટલે મથુરાજી સમજવાનું ફલિત થાય છે.

મથુરા ઉત્તર હિંદમાં આવેલું જૈનોનું પ્રાચીન તીર્થસ્થાન છે. પંચતીર્થી તરીકે જગવંદનમાં શત્રુંજય, ગિરનાર, સત્યપુર, ભરૂચ અને મથુરાનો ઉલ્લેખ છે, તેમાં મથુરાનું નામ છે.

એક સમયે મથુરામાં દિવ્ય મહાસ્તૂપો તેમ જ સુપાર્શ્વનાથનાં અને પાર્શ્વનાથનાં મંદિરો હતાં. જમ્બૂસ્વામી, પ્રભવસ્વામી વગેરે ૫૨૭ મહાનુભાવોએ એકીસાથે દીક્ષા લીધી. તેમના સ્મરણાર્થે ૫૨૭ સ્તૂપો બનાવાયા હતા. એ સત્તરમા શતક સુધી તો હતા, એમ 'હીરસૌભાગ્ય' (૧૮ સર્ગ, શ્લોક ૨૪૯–૨૫૦) જોતાં જણાય છે. એ કાળે કલ્પદ્રુમ પાર્શ્વનાથના તીર્થ તરીકે ઓળખાતા, મથુરાના કંકાલીટીલા તરીકે ઓળખાવાતા વિભાગમાં પુષ્કળ જિનાલયો હતાં. (કોઈ કોઈ પંચતીર્થીમાં સત્યપુરને બદલે મોઢેરાનો ઉલ્લેખ છે. વળી આ મથુરાના અવશેષોમાંથી કેટલીક પ્રતિમાઓ મથુરાના અને લખનૌનાં સંગ્રહ–સ્થાનોમાં છે.)

## (૧૬ – ૧૧) અલવરીય રાવણ પાર્શ્વ સ્તવન :

આ કૃતિમાં નવ પદ્યો છે, છતાં પ્રકાશિત પુસ્તકમાં એને અષ્ટક કહેલ છે. આનાં પદ્ય ૧ તેમ જ ૩–૮ ઇંદ્રવજ્રા છંદમાં છે, જ્યારે દ્વિતીય પદ્યમાં ઉપજાતિ છંદ વપરાયો છે. એના અંતિમ પદ્યના છંદનો નિર્દેશ પ્રકાશિત પુસ્તકમાં નથી. કદાચ ઇંદ્રવજ્રા માની લઈ તેમ કરાયું હશે. અંતિમ પદ્ય 'માલિની' છંદમાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અલવર નગરના રાવણ પાર્શ્વનાથને અંગેની કૃતિ છે. એમાં પહેલાં આઠે પદ્યોનું ચતુર્થ ચરણ સમાન છે. सेवे सदा रावणपार्श्वनाथम्। (રાવણ પાર્શ્વનાથની હું સદા સેવા કરું છું.)

પ્રથમ પદ્યમાં પાર્શ્વનાથને પાર્શ્વયક્ષથી સેવિત, નાગાધિરાજ ધરણેન્દ્રથી પ્રણમિત અને પદ્માવતીથી સ્તુતિ કરાયેલ કહેલ છે. બીજામાં એમની વાણીને મેઘની ગર્જના કરતાં ચડિયાતી અને નવમામાં અમૃત જેવી વર્ણવાઈ છે. ચતુર્થ પદ્યમાં એમના વિવિધ અતિશયો હોવાનો અને છઠ્ઠા પદ્યમાં એમનો મુગટ અને પાછલો ભાગ (પૃષ્ઠ) ભામંડળથી વિભૂષિત હોવાનું કહ્યું છે. તૃતીય પદ્યમાં એમને વામાના પુત્ર તરીકે સંબોધ્યા છે. અંતિમ પદ્યમાં એમની રાવણ પાર્શ્વનાથ તરીકેની પ્રતિમાને 'અલવરપુર'ના રત્ન તરીકે નિર્દેશી છે. આ અલવરપુર રાજસ્થાનમાં જયપુરની પાસે આવેલું છે. નવમાના બીજા ચરણમાં शुभसमुद्र દ્વારા કર્તાએ પોતાનું નામ ગૂઢ રીતે સૂચવ્યું છે.

## (૧૭ – ૧૭) લોડણ પાર્શ્વનાથ સ્તવન :

આ સ્તવનમાં ૧૩ પદ્યો છે. પહેલાં ૧૨ પદ્યો અનુષ્ટુભ્ છંદમાં છે, તો ૧૩મું શાર્દૂલવિક્રીડિતમાં છે. પહેલાં બાર પદ્યો મળીને કુલક થાય છે. પરંતુ પ્રકાશિત પુસ્તકમાં તે પ્રમાણે પદ્યો છપાવાયાં નથી.

પ્રથમ પદ્યમાં પાર્શ્વનાથને બુદ્ધિમાં બૃહસ્પતિ કરતાં ચઢિયાતા, પાંચમા પદ્યમાં સર્વોત્તમ ગોત્રવાળા, સાતમા પદ્યમાં રસનાના અમૃત વડે સેવિત, નવમામાં પાર્શ્વયક્ષથી સેવિત, દશમામાં ભરયુવાની વડે શોભતા, અગિયારમામાં મેઘની જેમ ગંભીર વાણીવાળા, બારમામાં તેજના ભંડાર અને તેરમામાં આદરણીય વાણીવાળા કહ્યા છે. ચતુર્થ પદ્યમાં 'સારંગ' શબ્દ ભિન્ન ભિન્ન અર્થોમાં વપરાયેલો છે.

કર્તાએ બારમા પદ્યમાં પોતાના નામ કલ્યાણસાગરનો ઉલ્લેખ કર્યો છે.

આ કૃતિમાં જે 'લોડણ' પાર્શ્વનાથનો ઉલ્લેખ છે, તે જ ડભોઈના લોડણ પાર્શ્વનાથ છે કે કેમ ? આ નામની પ્રતિમા છે ?

## (૧૮ – ૧૮) સેરીસ – પાર્શ્વનાથ સ્તોત્ર :

(લોડણ પાર્શ્વનાથ સ્તોત્ર)

આ કૃતિમાં નવ પદ્યો છે છતાં પ્રકાશિત પુસ્તકમાં તેને 'અષ્ટક' કહ્યું છે. એનાં પહેલાં આઠ પદ્યોનું ચતુર્થ ચરણ સમાન છે. એ નીચે મુજબ છે. 'सेरीश (स) पार्श्व' नुथ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોડણાખ્યમ્ ' આ ચરણનો અર્થ એ છે કે ' લોડણ ' નામવાળા સેરીશ(સા) પાર્શ્વનાથને તમે સ્તવો. આ કૃતિનાં પદ્ય ૧-૪ અને ૬-૮ ઇંદ્રવજ્રા છંદમાં છે, જ્યારે પાંચમું પદ્ય ઉપજાતિમાં છે અને નવમું સ્રગ્ધરામાં છે.

પ્રથમ પદ્યમાં પાર્શ્વનાથનો વર્ણ ઉત્તમ પ્રકારનો નીલ કહ્યો છે. તૃતીય પદ્યમાં એમની વાણીને સારંગ (વાજિંત્ર)ના સમાન અને છઠ્ઠામાં સકળ વિશ્વને આનંદ પમાડનારી કહી છે. વિશેષમાં આ તૃતીય પદ્યમાં એમના ગંભીર નાદને મેઘ જેવો કહ્યો છે અને એમનાં બે નેત્રોને હરણના જેવાં કહ્યાં છે. છઠ્ઠા પદ્યમાં પાર્શ્વનાથને નાગપુરના રાજા વડે પૂજાયેલા કહ્યા છે. આઠમા પદ્યમાં એમના દેહને સૂર્ય અને ચંદ્ર કરતાં વધારે તેજસ્વી, આઠ પ્રાતિહાર્યોથી શોભતા સ્ફાર (તેજસ્વી) આકૃતિવાળા વર્ણવ્યા છે. કર્તાએ સાતમા પદ્યમાં કલ્યાણસૂર્યાદિ દ્વારા કલ્યાણસૂરિ એવું પોતાનું નામ જણાવ્યું છે, અને નવમા પદ્યમાં ' કલ્યાણ ' શબ્દ યોજીને આમ જ કર્યું છે. ' સેરીસા ' કલોલ પાસે આવેલું છે. તૃતીય પદ્યમાં ' સારંગ ' શબ્દ ત્રણ ભિન્ન અર્થમાં વપરાયો છે. આમ આ પદ્યનો એક અંશ અનેકાર્થી છે એ એની વિશિષ્ટતા છે.

## (૧૯ – ૨૧) પાર્શ્વ સહસ્રનામ સ્તોત્ર :

આ પાર્શ્વ સહસ્રનામ એ શબ્દ આ સ્તોત્રના અંતિમ ભાગમાં વપરાયો છે. આમાં સમગ્ર ૧૫૦ પદ્યો છે. તેમના ક્રમાંકો કટકે કટકે નામોની વિષયવાર રચના સમજાવવાને અપાયા છે. ૧૫, ૧૧, ૧૧ (વીતરાગશતક); ૧૩, ૧૨, ૧૧ (આત્મશતક) ૫૦૦, ૧૨ (૬૦૦), હર્ષશતક ( ૭૦૦ ), ૧૧, ૧૩ ( જ્ઞાનશતક ૮૦૦ ) અને ૧૪ ( માહાત્મ્ય દર્શાવવા માટે )

**છંદ** : આ ૧૫૦ પદ્યોના સ્તોત્રમાં ૧૪૭મા પદ્ય સિવાય બધાં પદ્યો ' અનુષ્ટભૂ 'માં છે, જ્યારે ૧૪૭મું પદ્ય વંશસ્થમાં છે.

**નામો** : પ્રત્યેક શતકનું નામ અપાયું નથી. કેવળ વીતરાગ, આત્મ, હર્ષ, જ્ઞાન, ઐશ્વર્ય અને કલ્યાણ એ શબ્દો છ શતકો પૂરતા જ તેના આદ્યપદમાં દર્શાવાયા છે.

**વિષય** : શરૂઆતમાં ૧૫ પદ્યો પાર્શ્વનાથના ગુણગાન રૂપ છે. પાંચમા પદ્યમાં પાપાત્મા એવા નાગને પ્રભુપ્રભાવે ફણીંદ્ર પદવી પામેલો કહ્યો છે. આમાંનાં કેટલાંકમાં એમને નમસ્કાર કરાયો છે. પદ્ય ૪માં પાર્શ્વનાથને શમ્ભુ,' ૧૧માસાં ' શંકર ' કહ્યા છે. આઠમા પદ્યમાં કર્તાએ કહ્યું છે કે હું તારા સ્તોત્રથી સેંકડો દોષોવાળી મારી જીભને પવિત્ર કરું છું, એ જ આ જંગલમાં જીવોના જન્મની સફળતા છે. ૧૪મા પદ્યમાં કવિએ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતે 'જ્ઞાનમુગ્ધ' હોવાનું અને ૧૦૦૮ નામો વડે સ્તવવાનું કહ્યું છે. એ પ્રતિજ્ઞા સંપૂર્ણ-પણે પળાઈ છે. આ નામો કોઈ પણ તીર્થંકર અંગે ઘટી શકે તેવાં લાગે છે. છેલ્લાં ૧૪ પદ્યો પૈકી પદ્ય ૧૧–૧૨મા કર્તાએ પોતાના ગુરુ ધર્મમૂર્તિસૂરિની સ્તવના કરી છે. ૧૩મા પદ્યમાં પોતે એમના શિષ્ય છે એવો નિર્દેશ છે. સાથે સાથે પ્રસ્તુત કૃતિમાં મુખ્યત્વે પાર્શ્વનાથની મનોરમ નામાવલિ નામરાજિ રચ્યાનો ઉલ્લેખ છે. છેલ્લા ૧૪મા પદ્યમાં આ સ્તોત્રને પુણ્યરૂપ જણાવી એને ભણનારને મહાલક્ષ્મી મળશે એવો નિર્દેશ છે. ૧૦૦૮ નામોને બદલે પ્રસ્તુત સ્તોત્રમાં ૧૦૦૦ ગણાયેલાં જણાય છે. પણ પ્રારંભના પ્રથમ શ્લોકમાં આઠ નામો આવે છે તે ગણતરીમાં લેવાયાં નથી. એથી લેખકની ૧૦૦૮ નામોની પ્રતિજ્ઞા બરાબર પૂરી થાય છે.

**રચના વર્ષ :** આ સ્તોત્ર વિ. સં. ૧૬૯૬ કે તે પછી ટૂંક સમયમાં રચાયું છે કેમ કે વિ. સં. ૧૬૯૬માં ખેરવાથી શ્યાલગોત્રના શ્રેષ્ઠી ઈશ્વરે મારવાડના 'ગોડી' પાર્શ્વ-નાથની યાત્રાર્થે કાઢેલા સંઘમાં કલ્યાણસાગરસૂરિએ રચ્યું છે.

**રચના સ્થળ :** મારવાડના 'ગોડી' નગરમાં આ સ્તોત્ર રચાયું છે.

**સંતુલના :** આ માટે નીચે જણાવેલી કૃતિઓ જોવી ઘટે : (૧) સિદ્ધસેન દિવાકરકૃત મનાતું જિનસહસ્રનામ સ્તોત્ર (૨) જિનસહસ્રનામ સ્તોત્ર. આ દેવવિજયગણિએ વિ. સં. ૧૬૫૮માં રચેલું છે. એ જ વર્ષમાં એમણે આની ટીકા પણ રચી છે. (૩) જિનસહસ્રનામ સ્તોત્ર–આ ૧૪૯ પદ્યોની કૃતિ શ્રી વિનયવિજયગણિએ વિ. સં. ૧૭૩૫માં રચી છે. (૪) અર્હ-ન્નામસમુચ્ચય : આ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિની રચના છે. મેઘવિજયગણિએ વિ. સં. ૧૭૨૧માં ગુજરાતીમાં પાર્શ્વનાથનામમાલા રચી છે. આશાધરે વિ. સં. ૧૨૮૭માં (૫) જિનસહસ્રનામ સ્તોત્ર અને એની વૃત્તિ રચી છે. બીજી પણ બે ટીકાઓ છે. આકલ-કીર્તિએ વિક્રમના પંદરમા શતકમાં ૧૩૮ પદ્યોમાં (૬) જિનસહસ્રનામ સ્તોત્ર રચ્યું છે. (૭) અજ્ઞાતકર્તૃક જિનસહસ્રનામ સ્તોત્ર રચ્યું છે, એના ઉપર ત્રણ કે પછી ચાર દિગંબર ટીકાઓ રચાઈ છે. એ સ્તોત્રનાં ૧૬૦ પદ્યો છે. જિનસેન પહેલાએ વિ. સં. ૯૦૦માં રચેલા આદિપુરાણમાં જિનસહસ્રનામ છે. આ બાબત દિગંબર કૃતિઓની થઈ.

**પાર્શ્વનાથ અષ્ટોત્તરશત :** આની એક પ્રત તે પાટણના પોફલિયાના સંઘ-ભંડારમાંના ૪૦ મા દાબડામાંની ૨૯ મી પ્રત છે. તે ઉપરથી સમુચિત સંપાદન કરાવી એ સત્વર પ્રસિદ્ધ કરાવવાની આવશ્યકતા જણાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### મંત્રગર્ભિત પાર્શ્વનાથ સ્તોત્ર :

આ ૩૩ સંસ્કૃત પદ્યવાળું અજ્ઞાતકર્તૃક સ્તોત્ર છે. પહેલાં ૧૫ પદ્યોમાં પાર્શ્વનાથનાં ૧૦૮ નામો છે.

### (૨-૧૭) વીરાષ્ટક :

આ કૃતિમાં ૯ પદ્યો છે. છતાં એના કર્તાએ એને 'અષ્ટક' કહ્યું છે. શું તેના છેલ્લા પદ્યમાં 'કલ્યાણસાગરસૂરિ' કર્તાનું નામ ગર્ભિત છે કે અન્ય રીતે લિપિબદ્ધ કરાયું છે તેની ગણતરી કરાતી નથી? તેમ હોય તો જ આ અષ્ટક નામ સાર્થક ગણાય. અહીં નવે પદ્યો વસંતતિલકા છંદમાં છે.

પહેલાં આઠ પદ્યોમાં પ્રત્યેક ચરણનો પ્રારંભ "तुभ्यं नमो"થી કરાયો છે. આમ હોઈ તે માનતુંગસૂરિકૃત ભક્તામરસ્તોત્રના ૨૬ મા પદ્યનું સ્મરણ કરાવે છે. નવમા અંતિમ પદ્યમાં કર્તાએ પોતાનું નામ કલ્યાણસાગરસૂરિ એમ સ્પષ્ટ ઉલ્લેખથી જણાવ્યું છે.

**ત્યાગી ધર્મમૂર્તિસૂરિ** પાર્શ્વસહસ્રનામ સ્તોત્રમાં ઉપાન્ત્ય પદ્યમાં પ્રણેતાએ પોતાને ધર્મમૂર્તિસૂરિના શિષ્ય કહ્યા છે અને એની પૂર્વનાં બે પદ્યોમાં એ સૂરિ વિશે પ્રશંસાત્મક ઉદ્ગારો કાઢ્યા છે. આમ હોવાથી હું અહીં શ્રી ધર્મમૂર્તિસૂરિ વિશે કેટલી માહિતી આપું છું. મેં આ બાબત મારી અપ્રકાશિત કૃતિ 'વિધિપક્ષ ગચ્છીય શ્રમણોના પ્રમુખ-સંઘની શ્રુતભક્તિ' પુસ્તકમાં આપી છે. ધર્મમૂર્તિસૂરિ (વિ. સં. ૧૫૮૫-૧૬૭૧) ની જીવનરેખા નીચે મુજબ છે.

પિતા-શ્રેષ્ઠી મંત્રી હંસરાજ, જ્ઞાતિ-ઓસવાળ, ગોત્ર-નાગડા, માતા-હાંસલદે, જન્મ-વર્ષ-વિ. સં. ૧૫૮૫, સંસારી નામ-ધર્મદાસ, દીક્ષાપ્રસંગનું નામ-ધર્મદાસ, દીક્ષાવર્ષ-વિ. સં. ૧૫૯૯, દીક્ષાગુરુ-ગુણનિધાનસૂરિ, સૂરિપદવીનું વર્ષ-વિ. સં. ૧૬૫૨, સૂરિપદવીનું સ્થળ-રાજનગર (અમદાવાદ), પરિવાર-૫૨ સાધુઓ અને ૪૦ સાધ્વીઓ, અવસાન વર્ષ-વિ. સં. ૧૬૭૧. અવસાન સ્થળ-અણહિલપુર પાટણ. સાહિત્યકૃતિઓ : (૧) ગુણસ્થાનક્રમારોહની વૃત્તિ (૨) ષાડવશ્યકની વૃત્તિ (૩) પટ્ટાવલી.

### (૨૧-૧૫) સત્યપુરીય વીર સ્તવન :

આ સ્તવનમાં ૨૫ પદ્યો છે. ૨૦ મા પદ્યમાં વીરને, મહાવીર સ્વામીને 'સત્યપુરી'ના નિર્મળ ભૂષણરૂપ કહ્યા છે. એ મુજબ મેં શીર્ષકમાં સત્યપુરીય શબ્દ પ્રકાશન થયેલ પુસ્તકને અનુસરીને યોજ્યો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક પદ્યમાં અને પ્રત્યેક ચારેય ચરણમાં ૧–૨૧ પદ્યોમાં त्वमसि શબ્દ પ્રારંભમાં યોજ્યો છે. એ એકવીશ પદ્યો દ્રુતવિલમ્બિત છંદમાં છે. ૨૨મું પદ્ય હરિણી છંદમાં, ૨૩મું વંશસ્થમાં, ૨૪ મું ભુજંગપ્રયાતમાં અને અંતિમ ૨૫ મું સ્રગ્ધરા છંદમાં છે.

પ્રથમ પદ્યમાં શ્રી મહાવીર સ્વામીના રૂપે વિશ્વને વશ કર્યું છે અર્થાત્ તમે વિશ્વમાં અતિશય રૂપવંતા છો એમ કહ્યું છે. નવમા પદ્યમાં એવું કથન છે કે તમે અદ્‌ભુત અતિશયોથી અલંકૃત છો અને સૂરિઓ દ્વારા (આચાર્યો દ્વારા) સેવાયેલા છો, પદ્ય ૧૦ માં તમને કેવળજ્ઞાનીઓએ અને સાધુઓએ પ્રણામ કરેલાં છે, એવો ઉલ્લેખ છે. પદ્ય ૧૧ માં વીર-પ્રભુનું નામ મનોહર છે એમ કથન છે. પદ્ય ૧૮માં બે બાબતો રજૂ કરાઈ છે: (૧) તમે બુદ્ધિમાં બૃહસ્પતિથી ચઢિયાતા છો અને (૨) તમારો દેહ સુવર્ણ જેવો પીળો છે. પદ્ય ૧૫ માં કહ્યું છે કે તમારું વદન ચંદ્ર કરતાં ચઢિયાતું છે અને તમે વૈરીઓના સમુદ્ર માટે અગસ્ત્ય ઋષિ જેવા છો.

પદ્ય ૨૦ માં શ્રી મહાવીર પ્રભુને કેવળજ્ઞાની અને કેવળદર્શની તરીકે વર્ણવ્યા છે. પદ્ય ૨૧ માં ત્રિશલાના પુત્ર કહ્યા છે, ૨૫ મા પદ્યમાં કર્તાએ ‘કલ્યાણાંભોધિ’ શબ્દ દ્વારા પોતાનું કલ્યાણસાગર નામ દર્શાવ્યું છે.

**સત્યપુર :** આ સ્થળ વિશે પ્રકાશિત પુસ્તકમાં કશી માહિતી અપાઈ નથી. ‘સત્ય-પુર’ તે અત્યારે જોધપુર વિભાગના ભિન્નમાળની પાસે આવેલું અને સાચોર તરીકે ઓળખાતું ગામડું છે. એ પ્રાચીન સમયમાં સમૃદ્ધ નગર હતું. એમાં નાહડ નૃપતિએ મહાવીર સ્વામીનો ભવ્ય પ્રાસાદ બંધાવ્યો હતો. એ જિનાલયમાં જ જિજ્જગસૂરિએ (વિ. સં. ૧૧૪૦માં) મહાવીર સ્વામીની પ્રતિમા સ્થાપિત કરી હતી. એને બ્રહ્મશાન્તિ યક્ષનું સાંનિધ્ય હોવાથી એ તીર્થનો મહિમા ઘણો પ્રસર્યો હતો. એનો પાંચ તીર્થો પૈકી એક તરીકે જગવંદનમાં ઉલ્લેખ કરાયો છે તે એ તીર્થનું માહાત્મ્ય સૂચવે છે. વિ. સં. ૧૩૬૭ માં અલ્લાઉદ્દીન ખીલજીએ આ તીર્થનો અર્થાત્ જિનાલયનો નાશ કર્યો હતો. ત્યારથી એ તીર્થની જાહોજલાલી ઘટવા માંડી. આજે સાચોરમાં એક સુંદર જિનાલય છે અને તેમાં મહાવીર સ્વામીની પ્રતિમા છે પણ એ તો પાછળથી પ્રતિષ્ઠિત કરાઈ છે. કારણ કે ઉપ-ર્યુક્ત અલૌકિક પ્રતિમા તો અલ્લાઉદ્દીન ખીલજી દિલ્હી લઈ ગયો હતો અને તેની આશાતના કરી હતી એમ વિવિધ તીર્થકલ્પમાં શ્રી જિનપ્રભસૂરિએ કહ્યું છે.

શોભન મુનિના ભાઈ અને મુંજ તથા ભોજના સન્માનિત કવિ ધનપાલે ‘સત્યપુર–મહાવીર–ઉત્સાહ’ નામનું અપભ્રંશ કાવ્ય વિક્રમના ૧૧ મા શતકમાં રચ્યું છે અને એમાં સત્યપુરનો મહિમા વર્ણવ્યો છે.

(જુઓ. ‘પ્રબોધ ટીકા’ ભા. ૧, પાનાં ૩૫૪–૩૬૫)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org